# અર્બુદા ક્રેડીટ સોસાયટીનું ઉઠામણુ કરનાર સાત સંચાલકો વિરૂદ્ધ ઠગાઈની ફરીયાદ

## ગુજરાતમાં સોસાયટીની શાખાઓ ખોલી નાણાં મિલ્કત ખરીદવામાં વાપરી નથી

ખેડબ્રહ્મા, તા. ૧૬

રાજસ્થાનના આબુપર્વતમાં હેડ ઓફીસ ધરાવતી અર્બુદા ક્રેડીટ કો.ઓ. સોસાયટીનું ભોપાળુ બહાર આવ્યા બાદ સોસાયટીના ખેડબ્રહ્મા બ્રાન્ચ મેનેજરે અર્બુદા ક્રેડીટ કો.ઓ. સોસાયટીના એમ.ડી. જનરલ મેનેજર સહીત સાત ઈસમો વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ઠગાઈની ફરીયાદ નોંધાવી હતી.

ખેડબ્રહ્માના સરદાર પટેલ રોડ ઉપર મગનલાલ નિવાસમાં ૧-૭-૨૦૧૨ના રોજ આબુ પર્વત સ્થિત અર્બુદા ક્રેડીટ કો.ઓ. સોસાયટી લી. મલ્ટીસ્ટેટની શાખા ખુલી હતી. જેમાં શહેરના ૩૨ સભ્યો જોડાયા હતા અને અર્બુદા કન્યા સ્વાભિમાન -બોન્ડ-સેવિંગ્સ-રીકરીંગ સહીત કુલ રૂ. ૪૮૬૫૨૩૧ની રકમ જમા કરાવી હતી. જે બ્રાન્ચ મેનેજર મહીપાલસિંહ કીરીટસિંહ ચૌહાણ રે. ગોતા, તા. ખેડબ્રહ્માએ મુખ્ય શાખામાં જમા કરાવી હતી. આ થાપણો પાકતી મુદતે થાપણદારોને નાણાં આપવાના હોવાથી બ્રાન્ચ મેનેજર સોસાયટીના એમ.ડી. રાકેશ અગ્રવાલને ઉઘરાણી કરી હતી. જેથી




એમ.ડી.એ જુદા જુદા કારણો બતાવી રકમ આપવા માટે ઠાગાઠૈયા કર્યા હતા. અર્બુદા ક્રેડીટ સોસાયટીના સંચાલકોએ આ રકમ પોતાના અંગત ઉપયોગમાં વાપરી નાખી હતી. તથા પોતાના તેમજ પોતાના સગાસંબંધીઓના નામે મિલ્કતો ખરીદી બ્રાન્ચ મેનેજર તથા ૩૨૪ થાપણદારો સાથે ઠગાઈ કરી હતી. જેથી ખેડબ્રહ્મા બ્રાન્ચ મેનેજર મહીપાલ સિંહ ચૌહાણે અર્બુદા ક્રેડીટ કો.ઓ. સોસાયટી લી.ના સાત સંચાલકો વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પીએસઆઈ એ.વી. દેસાઈએ ઈપીકો કલ ૪૦૬, ૪૨૦તથા ૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

આ અર્બુદા ક્રેડીટ કો.ઓ. સોસાયટીનું એમએચસી/સીઆર/૪૪૮/૨૦૧૧થી રજીસ્ટ્રેશન થયુ હતુ. અને માત્ર ૬ વર્ષમાં કરોડો રૂપિયા ચાઉ કરી સોસાયટીનું ઉઠામણું કરી દઈ હેડ ઓફીસના શટર પાડી દીધા હતા. સાત આરોપીઓમાં આશાબેન રાકેશકુમાર અગ્રવાલ, રાકેશકુમાર દેવેન્દ્રકુમાર અગ્રવાલ (મે. ડીરેક્ટર), નિશાબેન રાકેશકુમાર અગ્રવાલ, મેહરસિંહ પ્રબલસિંહ ઠાકોર તમામ રે. ગોરા છાપરા આબુપર્વત, યોગેશ મોહનસિંહ ટાંક, બ્રાન્ચ જનરલ મેનેજર, રે. આશ્રમ કોલોની જવાઈ બંધ સુમેરપુર, અશોક દેવી સર્મા આસી. જનરલ મેનેજર, રહે. રાણીપ-અમદાવાદ, સુનીલકુમાર મદનલાલ અગ્રવાલ ડાયરેક્ટર, રહે. અંબાજી વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી છે.

## પાલનપુરમાં ખંડણી કેસમાં સાધ્વી બે દિવસના રિમાન્ડ પર

મુક્તેશ્વર મઠના વિવાદિત સાધ્વી જયશ્રીગિરીની ગતરોજ પાલનપુર પશ્ચિમ પોલીસ દ્વારા ખંડણી અને ગાડી પડાવી લેવાના કેસમાં ધરપકડ કરાઈ હતી. જે ગુનામાં પોલીસે આજે સાધ્વીને કોર્ટમાં રજૂ કરી ૧૦ દિવસના રિમાન્ડની માંગ કરી હતી. જોકે, કોર્ટ દ્વારા ૨ દિવસના રિમાન્ડ મંજુર કરાયા હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

સાધ્વી જયશ્રીગિરીને આજે પાલનપુર પશ્ચિમ પોલિસે કોર્ટમાં રજૂ કરી હતી. શશીકાંત જોશીએ નોંધાવેલી ફરિયાદ ને અનુસંધાને કોર્ટમાં રજૂ કરી પોલીસે સાધ્વીના ૧૦ દિવસના રિમાન્ડ માગ્યા હતા. જોકે, નામદાર કોર્ટે સાધ્વીના ૨ દિવસના પોલીસ રિમાન્ડ મંજુર કર્યા હતા. ત્યારે પોલીસ રિમાન્ડ દરમિયાન શું તથ્ય બહાર આવે છે તે જોવું રહ્યું.

### સાધ્વીને સિવિલમાં લવાયા

સાધ્વી છેતરપિંડી મામલામાં કોર્ટ અને જેલના આંટા ફેરા કરનાર સાધ્વીની ગતરોજ પશ્ચિમ પોલીસે ખંડણીના ગુનામાં ધરપકડ કરી હતી. ત્યારે આજે રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરતા પહેલા પોલિસ તેઓને મેડિકલ ચેકઅપ માટે પાલનપુર સિવિલમાં લાવવામાં આવ્યા હતા.

# ધાનેરા એચડીએફસી બેન્કમાં દસના સિક્કા ન સ્વીકારતા ગ્રાહકો દ્વારા હંગામો

## બેન્ક કર્મચારી તેમજ ગ્રાહકો વચ્ચે તું...મેં... જો બેન્ક અમારી પાસેથી સિક્કા નહિ સ્વીકારે તો અમે પણ બેન્ક પાસેથી સિક્કા નહિ સ્વીકારીએ : ગ્રાહકો

ધાનેરા એચડીએફસી બેન્ક માં દસ ના સિક્કા સ્વીકારવાનો ઈન્કાર કરતા ગ્રાહકોએ હંગામો મચાવ્યો હતો અને બેન્ક કર્મચારી તેમજ ગ્રાહકો વચ્ચે તું... મેં... સર્જાયું હતું.

જ્યારે થી દેશ માં નોટબંધી થઈ છે ત્યારે લોકોને અવાર નવાર ભારે મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે આજે ધાનેરા માં એક કરિયાણા ની દુકાનનો વેપારી પોતાની દુકાને થી દસ ના સિક્કા અન્ય રકમ લઈ ધાનેરા ની એચડીએફસી બેન્ક માં ભરવા ગયો હતો પરંતુ બેન્ક માંથી આ વેપારી






અડધૂત કરી કાઢી મુક્યો હતો અને બીજીવાર સિક્કા લઈ આ બેન્ક માં આવતો નહિ તેથી વેપારીએ કંટાળી બેન્ક આગળ સિક્કા લઈ બેસી ગયો હતો અને કેમેરા સામે જણાવ્યું હતું કે એક તરફ બેન્ક મોટી વાતો કરી રહી છે જે દસ ના સિક્કા સ્વીકારવાનો ઈન્કાર કરશે તેની સમમે ગુનો લાગુ પડશે તો આજે બેન્કજ સિક્કા સ્વીકારવાની ના પડે છે તો બેન્ક સામે ગુનો લાગુ પડશે કે કેમ... અને જો મને ન્યાય નહિ મળે તો હું પોલીસ ના શરણે જઈશ બાબતે ધાનેરા એચડીએફસી બેન્ક ના મેનેજર નો સંપર્ક કરતા તેમને પોતાનો બચાવ કરતા જણાવ્યું હતું કે અમે સિક્કા સ્વીકારવાનો ઈન્કાર નથી કરતા પણ આ ભાઈ બીજા ના ખાતા માં પૈસા ભરવા આવ્યો છે એટલે પરત મોકલ્યો છે બેન્ક મેનેજર પોતાનો બચાવ કરી સમગ્ર દોષ વેપારી નાખતા લોકોમાં ભારે નારાજગી જોવા મળી હતી અને લોકોએ પણ ચીમકી ઉચ્ચારી હતી કે જો બેન્ક અમારી પાસેથી સિક્કા નહિ સ્વીકારે તો અમે પણ બેન્ક માંથી સિક્કા નહિ સ્વીકારીએ.

## મેઘરજ ખાતે પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજાયો

મેઘરજ, તા. ૧૬

રાજ્ય સરકાર દ્વારા પારદર્શક સંવેદનશીલ અને વહવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી પ્રવર્તમાન વહીવટી તંત્રમાં વધારાની વ્યવસ્થા તરીકે રાજ્યના નાગરીકોને સ્પર્શતી વ્યક્તિગત રજૂઆતોની સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજુઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે મેઘરજ ખાતે પ્રાંત કક્ષાનો તાલુકા વાઈઝ પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજવા રાજ્ય સરકારે ઠરાવેલ છે, જે અન્વયે મેઘરજ તાલુકાનો પ્રગતિ સેતુ કાર્યક્રમ તા. ૧૪-૨-૨૦૧૭, મંગળવારના રોજ સવારે ૧૦ કલાકે પી.સી.એન. હાઈસ્કૂલ, મેઘરજ ખાતે યોજાયો હતો. આ પ્રગતિ સેતુ કાર્યક્રમમાં મેઘરજ તાલુકાના ૬૦ ગામના સરપંચો દ્વારા સ્થળ ઉપર પ્રજાજનોના પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ પ્રગતિ સેતુ કાર્યક્રમમાં ૧૪૬ પ્રશ્નો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવ્યો હતો. આ પ્રગતિ સેવા સેતુ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી, નિવાસી અધિક કલેક્ટર, પોલીસ અધિક્ષક, પ્રાંત અધિકારી મોડાસા, નાયબ કલેક્ટર, તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર તેમજ જિલ્લાના અધિકારીઓ તથા પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુર પોસ્ટ વિભાગમાં નોટબંધીના ત્રણ માસ બાદ પણ નાણાં વગર મુશ્કેલી પડતા ગ્રાહકોમાં રોષ

કેન્દ્ર સરકાર દ્વારા નોટબંધી ને પાંચ માસ જેટલો સમય વિતવા છતાં આજે પણ લોકો પોતાના નાણા



માટે વલખા મારી રહયા છે છેલ્લા કેટલાય દિવસ થી પાલનપુર શહેર દિલ્હીગેટ વિસ્તાર માં આવેલ પોસ્ટ ઓફીસ માં બચત ના નાણા ઉપાડવા માટે ગ્રાહકો અઠવાડિયા સુધી ધક્કા ખાવા પડે છે છતાં પણ હક્ક ના નાણા સમયસર નથી મળતા હોવાનું બુમરાડ ઉઠી છે તેમજ પોસ્ટ વિભાગ ના સબંધિત કર્મચારીઓ દ્વારા ગ્રાહકો ને સંતોષકારક જવાબ ન મળવાના ના લીધે ગ્રાહકો માં રોષ ની લાગણી વ્યાપી છે આ બાબતે અમારા પાલનપુર ના સાવંદદાતા એ પાલનપુર ના મુખ્ય પોસ્ટ ઓફીસ ના જીલ્લા અધિક્ષક એચ સી જોશી સાથે ટેલીફોનીક વાતચિત માં પૂછાતા તેમને જણાવ્યું હતું બેંકો માંથી પૂરતા નાણા નહિ મળવાને ને લીધે આ પ્રશ્ન ઉભો થયો છે તેમ કહી પોતાનો બચાવ કર્યો હતો જો કે પોસ્ટ ના ગ્રાહકો એ રોષ વ્યકત કરતા કહયું હતું કે છેલ્લા કેટલાય દિવસ થી જીવન જરૂરીઆત ના ખર્ચ માટે નાણા ઉપાડવા માટે લાઈનો ઉભા રહેવા છતાં નાણા માટે વારંવાર ધકકા ખાવા પડે છે તેમજ પોસ્ટ વિભાગ દ્વારા સંતોષકારક જવાબ પણ મળતો નથી.

# મહેસાણામાં આઈટીના સર્ચ ઓપરેશનથી ફફડાટ

મહેસાણા, તા. ૧૬

ઉત્તર ગુજરાતના મહેસાણા શહેરમાં જમીનના ધંધાર્થી, બિલ્ડર તેમજ જ્વેલર્સને ત્યાં આવકવેરા વિભાગના અધિકારીઓની ટીમે ગત રાતથી સર્ચ ઓપરેશન હાથ ધરતા આવા વ્યક્તિઓમાં ભારે ફફડાટની લાગણી ફેલાઈ છે.

કહે છે કે, મહેસાણા શહેરમાં એક નામાંકિત જમીનના ધંધાર્થી અને તેમના ભાગીદારો, કથિત ક્રિકેટ સટ્ટા સાથે સંકળાયેલ મનાતા એવા બિલ્ડર તેમજ એક જ્વેલર્સના રહેઠાણ અને ધંધાના સ્થળોએ ગઈ રાતથી આઈ.ટી. વિભાગના લગભગ ૧૦૦ જેટલા અધિકારીઓની ટુકડીએ પોલીસ બંદોબસ્ત સાથે સર્ચ ઓપરેશન શરૂ કર્યુ છે. આ સર્ચ ઓપરેશનમાં બેંક લોકરો, એકાઉન્ટોની પણ તપાસ આરંભાઈ છે. નોટબંધીના નિર્ણય બાદ જમીનના ધંધાર્થી, બિલ્ડર વગેરેએ કમિશનથી મોટી રકમની અદલાબદલી કરી હોવાની શંકાના આધારે આઈ.ટી. વિભાગે આ મેઘા સર્ચ ઓપરેશન આરંભ્યુ હોવાનું ચર્ચાય છે. આ સર્ચ દરમિયાન મોટી રકમના બેનામી વ્યવહારો મળી આવવાની શક્યતા જોવાય છે.

મહેસાણા શહેરમાં લાંબા સમય બાદ આવકવેરા વિભાગના અધિકારીઓની ટુકડીઓએ જુદા જુદા સ્થળોએ અચાનક સર્ચ ઓપરેશન હાથ ધરતાં જમીનના અન્ય ધંધાર્થીઓ, બિલ્ડરો, જ્વેલર્સોમાં ભયની લાગણી પ્રસરી છે. કેટલાક તો ક્યાંક ભૂગર્ભમાં ઉતરી ગયા હોવાની વાતો ચર્ચાઈ રહી છે.

## માલપુર તાલુકાના જીતપુર ખાતે સેવાસેતુ કાર્યક્રમમાં ૧૦૯૩ અરજીઓનો સ્થળ પર નિકાલ

માલપુર, તા. ૧૫

અરજદારોને આવકના દાખલા, જાતિના દાખલા, રેશનકાર્ડ, મા અમૃતમના દાખલા, ક્રિમલર ડોમિસાઈલ, સોગંદનામુ, વાત્સલ્ય કાર્ડ સ્થળ ઉપર આપવામાં આવ્યા હતા. માલપુર તાલુકાના જીતપુર પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમમાં આજુબાજુના ગામડાઓમાંથી આવેલ અરજદારોની ૧૦૯૩ અરજીઓનો સ્થળ ઉપર જે હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. જેની ગ્રામીણદારોને વિવિધ દાખલાઓ મેળવવા તાલુકાઓની કચેરીઓમાં ધક્કાઓમાંથી છુટકારો થયો છે. જિલ્લામાં અત્યારે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોને આવરી લેતા સેવાસેતુ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેમાં વહીવટી તંત્ર દ્વારા લોકભિમુખ અને પારદર્શક કામગીરી થાય તેવા પ્રયાસો કરવામાં આવે છે અને અરજદારોને સરકારી લાભ મેળવવાના હેતુથી વિવિધ પ્રમાણપત્રો સેવાસેતુ કાર્યક્રમ દરમ્યાન આપવામાં આવે છે. તેના ભાગરૂપે માલપુર તાલુકાના જીતપુર પ્રાથમિક શાળા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# સંકલિત બાળસુરક્ષા યોજના અંતર્ગત જિલ્લા કક્ષાનો તાલીમ વર્કશોપ બાસણા ખાતે યોજાયો

મહેસાણા, તા.૧૬

મહેસાણા જિલ્લામાં જિલ્લા કક્ષાનો જિલ્લા બાળસુરક્ષા અંગેનો એક દિવસીય તાલીમ વર્કશોપનું આયોજન બાસણા કોલેજ ખાતે કરવામાં આવ્યું હતું,.જિલ્લા બાળ સુરક્ષા એકમ આયોજીત આ વર્કશોપમાં બાળકોના બંધાણીય હક્કો,જિલ્લા બાળસુરક્ષા એકમનો પરીચય,રાઈટ ટુ એજ્યુકેશન ૨૦૦૯,જુવેનાઈલ જસ્ટીસ એક્ટ ૨૦૧૫,.બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયિમ ૨૦૦૬,ધ પ્રોટકશન ઓફ ચાઈલ્ડ ફોર્મ સેક્સયુઅલ ઓફેન્સ એક્ટ ૨૦૧૨ (પોસ્કો), બાળ મજુર અધિનયિમ ૧૯૮૬ સહિત બાળ સુરક્ષાને લગતા કાયદાઓની વિસ્તૃત માહિતી અને સમજ આપવામાં આવી હતી જિલ્લા કક્ષાના યોજાયેલ વર્કશોપમાં સંકલિત બાળ વિકાસ યોજનાની ટુંકી રૂપરેખા,વિવિધ યોજનાઓની જાણકારી સહિત બાળકોની સુરક્ષા અને સંવર્ધનને લગતી તમામ માહિતી વિસ્તૃત રીતે આપવામાં આવી હતી.




મહેસાણા જિલ્લા કક્ષાના વર્કશોપમાં ઉપસ્થિત ઈન્ચાર્જ કલેક્ટર એસ.કે.લાંગાએ જણાવ્યું હતું કે બાળકોનું સંરક્ષણ અને સંવર્ધન આપણા સૌની જવાબદારી છે. બાળકોની હિત માટે સંવદેનના પુર્ણ કામ કરી જવાબદારીનું સુચારૂ પણે પાલન કરવું જોઈએ.તેમણે ઉમેર્યું હતુ કે બાળકોના હિતો માટે જિલ્લા બાળ સુરક્ષા એકમ શરૂ કરવામાં આવ્યું છે. બાળકોને જીવન-વિકાસ,સંરક્ષણ, અને સંવર્ધન સહિતની કામ થઈ રહ્યુ છે. જિલ્લામાં પાલક માતાપિતા યોજના અન્વયે ૧૨૦ બાળકોને વાર્ષિક ૩૬ હજારની મર્યાદમાં ૧૩ લાખ ૨૦ હજારની સહાય કરાઈ છે.

# આજે આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા

પ્રથમ મેઘરજમાં સભા રસ્તામાં ગામોમાં સ્વાગત પછી છેલ્લે સાંજે ભીલોડામાં જાહેર સભા થશે . અરવલ્લી જિલ્લામાં બે આદિવાસી વસ્તી ધરાવતા તાલુકાઓમાં આજે આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા પ્રવેશ કરશે.આ યાત્રાના સ્વાગત માટેની તમામ તૈયારીઓ થઈ ગઈ છે . ગઈ તા.૭મી થી નીકળેલી આ યાત્રા જુદા જુદા જિલ્લાઓમાં ભારે સ્વાગત સાથે આવકાર પામીને આજે શુક્રવારે ૧૭મીએ અરવલ્લી જિલ્લામાં પ્રવેશતા તેનું ભવ્ય સ્વાગત કરાશે.

જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ જણાવ્યું કે પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં નીકળેલી આ યાત્રા જિલ્લામાં પ્રવેશ્યા બાદ પ્રથમ જાહેર સભા મેઘરજ ખાતે પીસીએન વિદ્યાલયના મેદાનમાં ૧૧.૫૦ કલાકે,તે પછી પંચાલ ૨.૩૦ કલાકે સ્વાગત,કંટાળુ ૩ વાગે,અણસોલ ૩.૪૫,શામળાજી ૪.૧૫ સ્વાગત થશે અને ભિલોડા ૫ વાગે એન..આર.એ.વિદ્યાલયમાં જાહેર સભા અને રાત્રી રોકાણ. તા.૧૮મીએ સવારે ભીલોડાથી ૮ .૩૦ કલાકે યાત્રાનું પ્રસ્થાન થશે અને સાબરકાંઠામાં પ્રવેશીને ચિઠોડા ખાતે સ્વાગત થશે.





## ખેડબ્રહ્મામાં ડૉ. બાબા સાહેબની પ્રતિમાનું અનાવરણ

ખેડબ્રહ્મા શહેરના હાદ સમા વિસ્તાર એવા લક્ષ્મીપુરા ચાર રસ્તા પર બુધવારના સાંજના સમયે ગુજરાત રાજયના અધ્યક્ષ રમણલાલ વોરાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આવરણ પ્રસંગે નગરમાં તમામ રસ્તા પર બેનર તેમજ ઝંડા લગાવી, શણગારવામાં આવ્યા હતા. ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે કરવામાં આવેલા અનાવરણ નિમિત્તે બાઈક સવારો દ્વારા રેલી યોજવામાં આવી હતી. આ પ્રસંગે ખેડબ્રહ્મા તાલુકાના ધારાસભ્ય તેમજ નગરપાલિકા સદસ્ય તેમજ નગરજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ગોઝારીયા ખાતે વિકાસ કામોના લોકાર્પણ કરાશે

મહેસાણા જિલ્લામાં ગોઝારીયા ખાતે ધારાસભ્યશ્રી મહેસાણાની ગ્રાન્ટ તથા ગ્રામપંચાયત ગોઝારીયાના સ્વ-ભંડોળમાંથી ગોઝારીયા ગ્રામપંચાયત કાર્યાલાય તથા નિગમ દ્વારા ગોઝારીયા એસ.ટી સ્ટેન્ડનું લોકાર્પણ રવિવારે થનાર છે. ૧૯ ફેબ્રુઆરી રવિવારે સવારે ૦૯-૩૦ કલાકે ગ્રામપંચાયત કચેરી ગોઝારીયા ખાતે નવીન વિકાસ કામોના લોકાર્પણ કામોનું કાર્યક્રમ યોજાનાર છે.આ લોકાર્પણ કાર્યક્રમમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ,રાજ્યકક્ષાના પંચાયતમંત્રી જ્યંતિભાઈ કવાડીયા, રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડીયા,સાંસદ જયશ્રીબહેન પટેલ સહિત મહાનુંભાવો ઉપસ્થિત રેહનાર છે. આ વિકાસ કામોમાં સહભાગી થવા ગ્રામપંચાયત અને એસ.ટી વિભાગે નિમંત્રણ પાઠવેલ છે.

# ગુજરાતમાં બટાટાનું વિક્રમજનક ઉત્પાદન



## બનાસકાંઠા જિલ્લો ઉત્પાદનમાં પ્રથમ ક્રમે આવતા ખેડતોમાં ખુશીનો માહોલ

ચાલુ સાલે ગુજરાત રાજ્યમાં બટાટા નું વિક્રમ જનક ઉત્પાદન થયું છે.ત્યારે સમગ્ર ભારત માં ગુજરાત અને ગુજરાતમાં પણ બનાસકાંઠા જિલ્લાએ ઉત્પાદકતા માં પ્રથમ ક્રમે આવતા ખેડતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.બટાકાની નગરી તરીકે બનાસકાંઠાના ડીસા શહેર વર્ષોથી નંબર વન બની રહી છે બટાકાના ઉત્પાદકતા માં આ વર્ષે પણ સમગ્ર ભારત માં પ્રથમ ક્રમે આવે તેવી સંભાવના સેવાઈ રહી છે ત્યારે ચાલુ સાલે સમગ્ર ગુજરાતમાં ૧.૨૪ લાખ હેક્ટર જમીનમાં બટાટા નું વાવતર થયું હતું .જેમાં બનાસકાંઠા જિલ્લામાં ૫૩ હજાર હેક્ટરમાં વાવેતર થતા પ્રથમ ક્રમે રહ્યો હતો. ચાલુ વર્ષે દેશમાં બટાટા ની ઉત્પાદકતા હેક્ટર દીઠ ૨૨ ટન રહી છે.જે ગુજરાત માં ૨૮ ટન છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના ડીસા પંથકના ખેડૂતોએ બટાટા ની ખેતીમાં હેલતાર દીઠ ૩૦ ટન કરતા પણ વધુ ઉત્પાદન મેળવ્યું છે.વર્ષોથી ડીસા ના ખેડૂતો બટાટા ના ઉત્પાદનમાં અગ્રેસર રહ્યા છે અને ડીસા અને બનાસકાંઠા ના ખેડૂતો ડીસા સ્થિત બટાટા સંશોધન કેન્દ્ર ના માર્ગદર્શન હેઠળ અવનવી સંશોધનાત્મક પ્રવૃતિઓથી દેશમાં બટાટા ની ખેતીમાં સૌથી વધુ ઉત્પાદન મેળવી રહ્યા છે.ડીસા ના ખેડૂતો બટાટા ની ખેતીમાં ટપક સિંચાઈ પદ્ધતિ,અને બટાટા ના વાવેતર થી કાઢવા સુધી આધુનિક પદ્ધતિ નો ઉપયોગ થતા ઉત્પાદકતા વધી હોવાનું સંશોધન વૈજ્ઞાનિકે જણાવ્યું હતું.